# ઉખાણાં









shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education



બે માથાં અને બે પગ, જાણે એને આખું જગ,

જે કોઈ આવે એની વચમાં, કપાઈ જાય એની કચકચમાં

કાતર



એક પ્રાણી એવું, જે વન–વગડામાં રહેતું,

મોટા–મોટા કાન, ને શરીર છે સુંવાળું

સસલું

નાનું મોટું મળે ને, પાણીમાં એ તરે,

સૌ સવારી કરે, તેને કયું વાહન કહે?

હોડી–નાવડી

વડ જેવાં પાન, ને શેરડી જેવી પેરી,

મોગરા જેવાં ફૂલ ને, આંબા જેવી કેરી.

આકડો

હવા કરતાં હળવો હું, રંગે બહુ રૂપાળો,


થોડું ખાઉં ને ધરાઈ જાઉં, વધુ ખાઉં તો ફાટી જાઉં.

ફુગ્ગો



એની અછત ઝટ વરતાય, એનાં વગર સૌ પરસેવે ન્હાય

એને પામવા વિકલ્પો શોધાય, એના વગર લગીરે ના જીવાય



**હવા**

હું સૂર્યમંડળનો એક સભ્ય, સૌથી સુંદર લાગું છું,

પીળાશ પડતો રંગ મારો, મારી ફરતે બર્ફીલા વલયો

**શનિ ગ્રહ**

ઘરમાં મહેમાનોને દેવાય, વોટમાં નેતાઓને દેવાય

આરામ કરવામાં વપરાય

**ખુરશી**

નામ બારણા સંગે આવે, હવાઉજાસ ઘરમાં લાવે

ઋતુઓ સામે રક્ષણ આપે, કોઈને તેના વિના ના ફાવે

**બારી**

એ પૈસા, દરદાગીના રક્ષે, કપડાં સારાં સૌ તથા મૂકે

તાળું મારી સુખથી સૂએ, લોકો ઘરમાં અચૂક વસાવે

**તિજોરી**

ચાર પાયા પર ઉપર આડી છત

કરો તેના ઉપર બસ લખ લખ લખ

**ટેબલ**

ટન ટન બસ નાદ કરે, ઘડિયાળ જોઈ સાદ કરે

સ્કૂલ નિશાળે એ લટકે, રણકે તો બાળકો છટકે

**ઘંટ**

ચારે બાજુ વૃક્ષોથી ઘેરાયો, પથરાયું મુજ પર ઘાસ

પશુ પક્ષીનું ઘર હું છું, મને ઓળખો હું કોણ છું?

**જંગલ**

એક એવું અચરજ થાય

જોજન દૂર વાતો થાય

**ટેલિફોન**



શિક્ષણ સાગર

ઉનાળુ ઊલટું ઘરે, ચોમાસે ભરાય

એ આવે સુખ ઉપજે, તે સમજાવો

**સરોવર**

લીલી બસ, લાલ સીટ

અંદર કાળા બાવા

**તરબૂચ**

આટ્યું પાટ્યું ભોંયમાં દાટ્યું

સવારે જોયું તો સોનાનું પાટ્યું

**સૂરજ**

ખારા જળમાં બાંધી કાયા, રસોઈમાં રોજ મારી માયા

જનમ ધર્યાને પારા છોડા, મારા દામ તો ઊપજે થોડા

**મીઠું**

ઘેર ઘેર દીવડા પ્રગટાવે, અમીર ગરીબ સૌ આનંદ લૂંટે

વેરઝેરની આજે વાતો ભૂલાય, મીઠા મોં કરી આજે સૌ મલકાય

**દિવાળી**



shikshansagar.com The King of Education

શરીર નહીં પણ જન્મે ખરી, મોં નહીં પણ કરે અવાજ

જન્મી એવી ઝટ મરે

<u>ચપટી</u>

ભેંસ વિયાણી પાડો પેટમાં,દૂધ દરબારમાં જાય

ચતુર હોય તો સમજી લ્યો

મૂરખ ગોથા ખાય !

<u>કેરી</u>

જળનાં ફૂલ છે જે, તળાવોમાં થાતાં

લિંગ પર ચઢે, થાય ધોળાં રાતાં

<u>કમળ</u>

ગોળ ઓરડો અંધારો ઘોર, એમાં પૂર્યાં રાતા ચોર,

એ ચોરને બધાંય ખાય, છે કલજુગનું કૌતુક ઑર !

<u>દાડમ</u>

પીળા પીળા પદમસી, ને પેટમાં રાખે રસ

થોડાં ટીપાં વધુ પડે તો, દાંતનો કાઢે કસ !

<u>લીંબુ</u>



શિક્ષણ સાગર

રાતા રાતા રતનજી, પેટમાં રાખે પાણા

વળી ગામે ગામે થાય, એને ખાય રંકને રાણા !

બોર

વાંચવા અને લખવા બંનેમાં કામ લાગે છે,

કાગળ નહીં, કલમ નહીં બોલો શું છે મારું નામ?

ચશ્મા

એ કઈ વસ્તુ છે જે પાણી પીતા જ મરી જાય છે?

તરસ

ન ભોજન લે છે ન વેતન લે છે છતાં રખેવાળી કરે છે.

જણાવો તે કઈ વસ્તુ છે?

તાળું

એવી કઈ વસ્તુ છે જે વ્યક્તિ છૂપાવીને

અને મહિલા દેખાડીને ચાલે છે?

પર્સ



શિક્ષણ સાગર



એવી કઈ વસ્તુ છે જેને છોકરી

વર્ષમાં એક વખત ખરીદે છે

<u>રાખડી</u>

કાળો ઘોડો સફેદ સવારી

એક ઊતર્યું બીજાનો વારો?

<u>તવો અને રોટલી</u>

પિતાએ પોતાની દીકરીને એક ગિફ્ટ આપી અને કહ્યું :

ભૂખ લાગે તો ખાઈ લેજે... તરસ લાગે તો પી લેજે...

અને ઠંડી લાગે તો સળગાવી લે છે... એ ગિફ્ટ શું છે?

<u>નારિયેળ</u>

એ કઈ વસ્તુ છે જે વરસાદમાં ગમે તેટલું પલળે,

પણ ભીનું થઈ શકતું નથી?

<u>પાણી</u>



**એ શું છે જેની આંખોમાં જો આંગળી નાખો**

**તો તે પોતાનું મોઢું ખોલી દે છે?**

**કાતર**

**અજયના માતાપિતાના ત્રણ બાળકો છે :**

**પહેલો વિજય, બીજો વિશાલ અને ત્રીજા દીકરાનું નામ શું છે?**

**અજય, અજય પોતે એ ત્રીજો દીકરો છે.**

**લીલો ઝંડો, લાલ કમાન, તોબા તોબા કરે માણસ**

**મરચાં**

**એક લાકડીની સાંભળો કહાણી,**

**તેમાં ભરેલું છે મીઠું પાણી**

**શેરડી**

**વર્ષના કયા મહિનામાં 28 દિવસો હોય છે?**

**દરેક મહિનામાં**

કઈ વસ્તુ છે જે તમે તમારા ડાબા હાથમાં પકડી શકો છો

પણ જમણા હાથમાં નહીં ?

તમારી જમણી કોણી

એ કઈ વસ્તુ છે જે ઉપર–નીચે થાય છે પણ

પોતાની જગ્યાએ જ રહે છે?

સીઢી



આવું તમામ શિક્ષણ ઉપયોગી સાહિત્ય
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

# SHIKSHAN SAGAR
## ( શિક્ષણ સાગર )
## એપ્લીકેશન ની વિશેષતા

શિક્ષણ સાગર
shikshansagar.com
The King of Education

આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP

શિક્ષણ સાગર
shikshansagar.com
The King of Education



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

Download
શિક્ષણ સાગર
APPLICATION